રજુ તારીખ : ૨૬/૦૫/૨૦૨૬
દાખલ તારીખ : ૨૬/૦૫/૨૦૨૬
ફેંસલ તારીખ : ૦૮/૦૬/૨૦૨૬
અવધિ : વર્ષ માસ દિવસ
૦૦ ૦૦ ૧૩

**આંક–** 07

---

**ભાવનગરના મે.ફોર્થ એડી. ડિસ્ટ્રીકટ & સેશન્સ જજ સાહેબની કોર્ટમાં**

---

**ફોજદારી પરચુરણ અરજી નં.૯૩૦/૨૦૨૬**

---

**અરજદાર –** **પ્રકાશ ઉર્ફે પોપટ વિનુભાઈ પરમાર,**
ઉ.વ.આ.૨૩, ધંધો–મજુરી,
રહે. નવાગામ(ગા), તા.ગારીયાધાર, જી.ભાવનગર.
હાલ : જિલ્લા જેલ, ભાવનગર.

**વિરુધ્ધ**

**સામાવાળા–** **શ્રી સરકાર**

---

**બાબત : બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન અરજી.**

---

અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી ડી.કે.પરમાર.
સામાવાળા તર્ફે વિ.એ.પી.પી.શ્રી જી.પી.જાડેજા.

---

**:: જજમેન્ટ ::**

**(૧)** અરજદાર/આરોપી તરફે હાલની આ અરજી ગારીયાધાર પોલીસ સ્ટેશન પ્રોહી. ગુના રજી. નં.૧૧૧૯૮૦૧૯૨૬૦૨૩૨/૨૦૨૬ પ્રોહી. એકટની કલમ–૬૫(ઈ), ૯૮(૨) મુજબના નોંધાયેલ ગુનાના કામે રેગ્યુલર જામીન પર મુકત થવા માટે બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૩ હેઠળ કરેલ છે.

**(૨)** અરજદાર/આરોપીના વિ.વ.શ્રીને સાંભળ્યા તેઓએ પોતાની દલીલમાં જણાવેલ છે કે, અરજદાર/આરોપી તદ્દન નિર્દોષ છે. કહેવાતા ગુનામાં કોઈ ભાગ ભજવેલ નથી. તેઓને ખોટી રીતે ગુન્હામાં સંડોવી દેવામાં આવેલ છે. મુદ્દામાલ અંગે તેઓ કશુ જાણતા નથી. અરજદાર/આરોપી સામે કોઈ પ્રથમદર્શનીય કેસ નથી. અરજદાર/આરોપી પાસેથી કોઈ મુદ્દામાલ રીકવર કે ડિસ્કવર કરવાનો બાકી નથી, પુરાવા સાથે ચેડા થવાનો કોઈ ભય

નથી. અરજદાર/આરોપી સામે અગાઉ નોંધાયેલ ગુન્હાઓ પૈકી ચાર ગુન્હાની ટ્રાયલ પૂર્ણ થઇ ગયેલ છે. તેમજ અરજદાર/આરોપી ઉપર તેમના કુટુંબના ભરણ પોષણની જવાબદારી છે. અરજદાર/આરોપી સામે આજીવન કે મૃત્યુ દંડની સજાને પાત્ર ગુન્હાના આક્ષેપો નથી. અરજદાર/આરોપી અરજીમાં જણાવેલ સરનામાના કાયમી રહેવાસી છે. કયાંય નાસી–ભાગી જાય તેમ નથી. સહેલાઈથી મળી આવે તેમ છે. જો વધુ સમય જેલમાં રાખવામાં આવે તો પ્રિ–ટ્રાયલ પનીશમેન્ટ થાય તેમ છે. તેમજ અરજદાર/આરોપી નામ. કોર્ટ ફરમાવશે તે શરતોનું પાલન કરવા તૈયાર અને ખુશી છે. જેથી અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલ છે.

(૩) સામાવાળા તર્ફે વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા. તેઓએ પોતાની દલીલમાં જણાવેલ છે કે, અરજદાર/આરોપી સામે પ્રથમદર્શનીય ગુન્હો છે. સદર ગુન્હાના કામે તપાસ ચાલુ છે. એક આરોપીને પકડવાના બાકી છે. અરજદાર/આરોપી ગુજરાત રાજય બહારના રહેવાસી છે. અરજદાર/આરોપી ગુન્હાહિત ભુતકાળ ધરાવે છે અને હેબીચ્યુઅલ ઓફેન્ડર છે. જો અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો ફરી આ પ્રકારની ગુન્હાહિત પ્રવૃત્તિ કરે અને સાક્ષી પુરાવા સાથે ચેડા કરે અને નાસી ભાગી જાય તો તેઓની સામેની ટ્રાયલ વિલંબિત થાય તેમ છે. જેથી અરજદાર/આરોપીની અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે. તેમજ આંક–૦૫ થી તપાસ કરનાર અમલદારનું સોગંદનામુ રજુ કરવામાં આવેલ છે.

(૪) આ કામે બંન્ને પક્ષકારોના વિ.વ.શ્રીઓને સાંભળ્યા. અરજી તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લીધા. તેમજ રજુ થયેલ તપાસ કરનાર અમલદારનું સોગંદનામું વંચાણે લીધું. રેકર્ડ ધ્યાને લેતાં, અરજદાર/આરોપી સામે ગારીયાધાર પોલીસ સ્ટેશન પ્રોહી. ગુના રજી. નં.૧૧૧૯૮૦૧૯૨૬૦૨૩૨/૨૦૨૬ પ્રોહી. એકટની કલમ–૬૫(ઈ), ૯૮(૨) મુજબના ગુન્હાના આક્ષેપો છે. વધુમાં, આ કામે ફરીયાદ હકીકત તથા તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું વંચાણે લેતાં, આ કામના અરજદાર/આરોપીએ પોતાની સ્વીફટ ફોર વ્હીલ ગાડીમં ગેરકાયદેસર વગર પાસ પરમીટે દેશી પીવાનો દારુ લીટર–૧૮૦ કિંમત રૂા.૩૬,૦૦૦/– નો પ્રોહી. મુદામાલ પોતાના કબજામાં રાખેલ હોવાના આક્ષેપો છે. પરંતુ,

અરજદાર/આરોપી સામેનો ગુન્હો મોત કે જન્મટીપની સજાને પાત્ર નથી. સદરહું ગુન્હાની ટ્રાયલ ચલાવવાની સત્તા જયુડી. મેજી. ફર્સ્ટ કલાસ કોર્ટને રહેલી છે. અરજદાર/આરોપી સામેના ગુન્હાની તપાસ તથા કેસની ટ્રાયલ પૂર્ણ થવામાં સમય લાગે તેમ છે. આ સંજોગોમાં, હાલના અરજદાર/આરોપીને જો વધુ સમય જેલમાં રાખવામાં આવે તો પ્રિ–ટ્રાયલ પનીશમેન્ટ થાય તેમ છે. તેમજ અરજદાર/આરોપી સામે અગાઉ નોંધાયેલ ગુન્હાઓ પૈકી બે ગુન્હાની ટ્રાયલ પૂર્ણ થઇ ગયેલ છે. વધુમાં, અરજદાર/આરોપી કુંટુંબ કબીલાવાળા જવાબદાર માણસ છે. અરજદાર/આરોપી કયાંય નાસી–ભાગી જાય તેમ ન હોવાનું અને કોર્ટ જે કાંઈ શરતો ફરમાવશે તેનું પાલન કરવાનું જણાવી ટ્રાયલ સમયે હાજર રહેવાની ખાત્રી આપે છે. તે તમામ સંજોગોમાં, નામ. ઉચ્ચ અદાલતના ચુકાદાઓમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ધ્યાને લેતાં, આ કામના અરજદાર/આરોપીને યોગ્ય શરતોને આધિન જામીન મુકત કરવાનું યોગ્ય અને વ્યાજબી જણાય છે. જેથી અરજદાર/આરોપીની તરફેણમાં વિવેકાધિન સત્તાનો ઉપયોગ કરવાનું ન્યાયોચિત જણાતુ હોય, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

**(૧)** આ કામના અરજદાર/આરોપીની હાલની રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા માટેની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

**(૨)** આ કામના અરજદાર/આરોપી પ્રકાશ ઉર્ફે પોપટ વિનુભાઈ પરમાર, રહે. નવાગામ(ગા), તા.ગારીયાધાર, જી.ભાવનગરનાઓને ગારીયાધાર પોલીસ સ્ટેશન પ્રોહી. ગુના રજી. નં.૧૧૧૯૮૦૧૯૨૬૦૨૩૨/૨૦૨૬ પ્રોહી. એકટની કલમ–૬૫(ઈ), ૯૮(૨) મુજબના ગુન્હાના કામે અરજદાર/આરોપીએ રૂા.૨૫,૦૦૦/– (અંકે રુપિયા પચીસ હજાર પુરા)ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કર્યેથી નીચેની શરતોને આધિન જામીન મુકત કરવામાં આવે છે.

**શરતો :–**

(૧) અરજદાર/આરોપીએ ફરીયાદપક્ષના પુરાવા સાથે સીધી કે આડકતરી રીતે ચેડા કરવા નહીં કે સાક્ષીઓને ધાક ધમકી, પ્રલોભન કે લાલચ આપવી નહીં.

(૨) અરજદાર/આરોપીએ ટ્રાયલ કોર્ટની પરવાનગી વગર ભારત દેશની હદ છોડવી નહીં.

(૩) અરજદાર/આરોપીએ ચાર્જશીટ થતાં સુધી દરેક અંગ્રેજી મહિનાની પહેલી તથા પંદરમી તારીખે સવારના ૧૧–૦૦ થી બપોરના ૨–૦૦ દરમિયાન સંબંધિત પોલીસ સ્ટેશનમાં હાજરી પુરાવવી.

(૪) અરજદાર/આરોપીએ તપાસ કરનાર અમલદાર તથા ટ્રાયલ કોર્ટ સમક્ષ પોતાનું કાયમી રહેણાંકનું સાચુ સરનામું તથા મોબાઈલ નંબર રજુ કરવો અને ટ્રાયલ કોર્ટની પરવાનગી વગર સરનામું બદલવું નહી.

(૫) અરજદાર/આરોપી પાસપોર્ટ ધરાવતા હોય તો તેઓએ અસલ પાસપોર્ટ સંબંધિત ટ્રાયલ કોર્ટમાં જમા કરાવવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો સોગંદનામાથી અદાલતમાં જાહેર કરવું.

(૬) અરજદાર/આરોપીએ આ પ્રકારના કોઈ પણ ગુન્હાહિત કૃત્યમાં પોતાની જાતને સંડોવવી નહીં.

(૭) અરજદાર/આરોપીએ ટ્રાયલ દરમિયાન નિયમિત કોર્ટમાં હાજર રહેવું.

(૮) અરજદાર/આરોપી ઉપરોકત શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ કરશે તો તેઓના જામીન રદ થયેલા ગણાશે.

**(૩)** અરજદાર/આરોપીએ ટ્રાયલ કોર્ટમાં જામીન આપવા.

**(૪)** આ હુકમની યાદી સંબંધિત અદાલત તથા પોલીસ સ્ટેશનને કરવી.

આજરોજ તા.૮'મી માહે–જુન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ભાવનગર.
તારીખ : ૦૮/૦૬/૨૦૨૬

(હેતલ સુરેશચંદ્ર દવે)
ફોર્થ એડી. ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ,
ભાવનગર.

Bhavik

UI CODE NO.GJ00693